Extra No. 242

©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
## [PUBLISHED BY AUTHORITY]

**Vol. LXVI ]** **THURSDAY, JUNE 26, 2025 / ASADHA 5, 1947**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**


# PART -I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૦ મા) ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે.**

નં.ડીસી/પીઓએલ/ફાયર બટ/જાહેરનામું/વશી/૯૨૨/૨૦૨૫.-કમાન્ડીંગ ઓફિસરશ્રી, ૩૪-ગુજરાત બટાલીયન એનસીસી, હિંમતનગર દ્વારા તેઓના તા. ૧૭/૦૬/૨૦૨૫ના પત્રથી એનસીસી કેડેટસ માટે તા.૨૦/૦૬/૨૦૨૫ થી તા.૨૦/૦૭/૨૦૨૫ના રોજ સવારે ૦૬.૦૦ કલાકથી ૧૮.૦૦ કલાક સુધી એમ.એમ.ચૌધરી આર્ટ્સ કોલેજ, રાજેન્દ્રનગર ખાતે .૨૨ રાયફલથી ફાયરીંગ માટેનું આયોજન કરેલ હોઈ અત્રેથી જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા રજુઆત કરતાં સદરહું બાબતે પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાએ તેમના તા.૨૪/૦૬/૨૦૨૫ના પત્રથી ફાયરીંગ પ્રેક્ટીસ દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અગમચેતી પગલારૂપે ફાયરીંગ બટની આજુબાજુના વિસ્તારમાં જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી તા.૨૦/૦૭/૨૦૨૫ સુધી રાહદારીઓ તેમજ વાહનોના પ્રવેશવા સામે સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(ખ) અન્વયે પ્રવેશબંધી ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા અભિપ્રાય આપેલ છે.

આથી, હું ક્રિશ્ના એ. વાઘેલા, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૦ મા) ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રાજેન્દ્રનગર ખાતે આવેલ એમ.એમ.ચૌધરી આર્ટ્સ કોલેજ ખાતે ફાયરીંગ પ્રેકટીસ માટે ઉક્ત બટ વિસ્તારની આજુબાજુની વ્યક્તિઓએ ઉપરોક્ત વિસ્તારની આજુબાજુના ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં તા. ૨૬/૦૬/૨૦૨૫ થી તા.૨૦/૦૭/૨૦૨૫ના રોજ સવારે ૦૬.૦૦ કલાકથી ૧૮.૦૦ કલાક સુધી પ્રવેશ કરવો નહીં તથા ઉક્ત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંખર લઈને પ્રવેશ કરવો નહીં કે કરાવવો નહીં.

વધુમાં સદર જાહેરનામા બાબતે પોલીસ ખાતા દ્વારા આ જાહેરનામાથી સ્થાનિકો અવગત થઈ શકે તથા અકસ્માત નિવારી શકાય તે માટે પ્રચાર બોર્ડ મુકવા, નિશાનીઓ મુકવી તથા ફાયરીંગના સમય દરમ્યાન ચોકી/નાકાબંધી રાખવાની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ઉક્ત અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે, અને બિનઅધિકૃત પ્રવેશથી જો કોઇ નુકશાન થશે તો કોઇપણ પ્રકારના વળતરને પાત્ર રહેશે નહીં.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૬મી જુન-૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

**કિશ્ના એ. વાઘેલા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

---

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.10 19:12:03 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara